| GJBK030016042022 | ફોજદારી કેસ નં.૧૩૮૨/૨૦૨૨ |
|---|---|

## આંક–૧ લગત હુકમ

આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી શરૂ થતા અગાઉ ગુનો કબુલ કરેલ છે. આરોપી ગરીબ વર્ગના છે.તેમના ઉપર કુટુંબના ભરણપોષણની જવાબદારી હોય,દયાની માંગણી કરેલ છે.આરોપીને તે ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમજ ગુનાની સજા જણાવવા છતા તેઓ ગુનો કબુલાતને વળગી રહે છે,આથી કબુલાત સ્વેચ્છાએ કરતા હોવાનુ જણાતા કબુલાત નોધવામા આવે છે અને આરોપીને પ્રોહીબીશન અધિનિયમની કલમ ૬૬–૧–બી,૮૫–૧ મુજબના ગુના અંગે તકસીરવાન ઠરાવવામા આવે છે.

આરોપીને દોષિત ઠરાવ્યા બાદ સજા સાંભળાવામા આવ્યા,આરોપીને ગુનાની સ્વેચ્છાપુર્વક કબુલતા કરેલ છે.તથા અદાલત સમક્ષ પસ્તાવો વ્યકત કરેલ છે અને ભવિષ્યમા ગુનો નહી કરવાની ખાતરી આપેલ છે તથા રહેમ રાખી હુકમ કરવા અરજ કરેલ છે.પોતે ગરીબ વર્ગના હોવાની તથા કુટુબની એકમાત્ર કમાનાર વ્યકતિ હોવાની રજુઆત કરેલ છે.કુટુબના અને પોતાના ભવિષ્યને લક્ષમા રાખી ગુનો માફ કરવા વિનંતી કરેલ છે.

આરોપીને દોષિત ઠરાવેલ હોય,આથી તેને સજા કરવી જોઈએ તેમ આ અદાલત માને છે,તેમજ સમાજના હીતમા પણ આરોપીને સજા કર્યા વિના માફ કરવા યોગ્ય નથી.આરોપીની રજુઆત ધ્યાને લેતા તથા કબુલાત પુરસીસ વંચાણે લેતા તેમજ ગુનાનો પ્રકાર તથા આરોપીની ઉંમર ધ્યાને લેતા તેને સુધરવાની પુરતી તક મળી રહે તેના હેતુથી યોગ્ય સજા થવી જોઈએ તથા આ કામે કાયદાથી લધુતમ સજા નિયત કરેલ છે,પરંતુ નામદાક ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫(૧)જી.એલ.આર.પેજ નં.૭૦૯ પરના સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠકકરના કેસમા ઠરાવેલ છે કે,જયારે પુરતા અને વ્યાજબી કારણો હોય ત્યારે કેસના સંજોગોને ધ્યાનમા લઈ કોર્ટ લધુત્તમ સજાથી પણ ઓછી સજા કરી શકશે.ત્યારે હાલના ગુનાનો પ્રકાર,આરોપીની સ્થિતિ,કાયદાકીય જોગવાઈ ધ્યાને લઈ સજાનો અહેસાસ થાય અને ન્યાયનો હેતુ જળવાય તે રીતે સજા કરવામા આવે તો તે યોગ્ય રહેશે તેમ આ અદાલતનુ માનવુ છે, તથા આરોપી જેલમા અન્ય રીઢા ગુનોગારો ના સંપર્કમા આવે તો તેના જીવન પર વિપરીત અસર થવાની પણ સંભાવના છે,આ સંજોગોમા આરોપીને કાયદામા નિયત કરેલ લધુતમ સજાથી પણ ઓછી સજા કરવા માટે પુરતા સંજોગો છે તથા લધુતમ સજાથી પણ ઓછી સજા કરવામા આવે તો પણ ન્યાયનો હેતુ જળવાશે તેમ આ અદાલતનુ માનવુ છે,જેથી ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

### હુકમ

આ કામના આરોપીને ફોજદારી કાર્યવાહી કલમ–૨૫૨ અન્વયે બોમ્બે પ્રોહીબીશન અધિનિયમની કલમ– ૬૬–૧–બી,૮૫–૧ મુજબના ગુના સબબ દોષીત ઠરાવી રૂા.૧૦૦/–(અંકે રૂપિયા સો પુરા) નો દંડ તેમજ કોર્ટ ઉઠતા સુધીની સજા ફરમાવવામા આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દીન–૩(ત્રણ) ની સાદી કેદની સજા કરવામા આવે છે.

હુકમ આજ રોજ તા.૧૩ માહે ડીસેમ્બર,સને–૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.વડગામ
તા.૧૩/૧૨/૨૦૨૨

(આર.એચ.ચૌહાણ)
જયુડી.મેજી.ફ.ક.વડગામ
(જી.જે.૦૧૬૧૨)